# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23/09/2025** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

---

1. **અમદાવાદ ખાતેથી વાઇબ્રન્ટ નવરાત્રી મહોત્સવનો આરંભ કરાવતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે, નવરાત્રિ અને દિવાળી દેશના લોકો માટે ડબલ બચત બોનાન્ઝા બનશે**
2. **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે તેમના સંસદીય મતવિસ્તાર ગાંધીનગરમાં વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે.**
3. **પાલીતાણા ખાતે કેન્દ્રિય મંત્રી નિમુબેન બાંભણીયાએ પોષણ ઉત્સવની ઘટક કક્ષાની ઉજવણી અને સુપોષણ જ્યોત પદયાત્રાનો પ્રારંભ કરાવ્યો.**
4. **બનાસ ડેરીની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણીમાં 16 પૈકી 6 બેઠક બિનહરીફ થઈ**
5. **ગુજરાતમાંથી ચોમાસુ બે દિવસમાં વિદાય લે તેવી હવામાન વિભાગની આગાહી.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CM VIBRANT NAVRATRI MAHOTSAV

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં વાઇબ્રન્ટ નવરાત્રિ મહોત્સવનો આરંભ કરાવતાં કહ્યું કે , નવરાત્રિના પ્રથમ દિવસથી જ નવી પેઢીના વસ્તુ કર દરના અમલની આપેલી ભેટ આ વર્ષની નવરાત્રિ અને દિવાળીને દેશના લોકો માટે ઉમંગ ઉત્સવ સાથે બચત ઉત્સવ ડબલ બચત બોનાન્ઝા બનશે.

## <u>બાઈટ – સીએમ ભૂપેન્દ્ર પટેલ, નવરાત્રી, જીએસટી</u>

"આહવાન માં આદ્યશક્તિ" થીમ પર એક હજારથી વધુ કલાકારો દ્વારા ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિ કરાઈ હતી. તેમણે નવરાત્રિના આ તહેવારોમાં દાંડિયાથી લઈને આભૂષણો , પ્રસાધન સહિતની જે વસ્તુઓ સ્વદેશી બનાવટની હોય તેનો જ ઉપયોગ કરીને આત્મનિર્ભર ભારત માટેના પ્રધાનમંત્રી આપેલા આહવાનને ઝીલી લેવા અનુરોધ કર્યો હતો.

## <u>બાઈટ – સીએમ ભૂપેન્દ્ર પટેલ, નવરાત્રી, સેવા પખવાડીયું</u>

મુખ્યમંત્રીએ વાઈબ્રન્ટ નવરાત્રિના આરંભે પૂર્વે નવ સંકલ્પ આધારિત થીમેટિક પ્રદર્શન, ફોટો-ઝોન, સેલ્ફી પોઈન્ટ, બાળકો માટેની ખાસ તૈયાર કરેયલી કિડ્સ સિટી , ફૂડ કોર્ટ અને હેન્ડીક્રાફ્ટ બજાર જેવા ઊભા કરવામાં આવેલા આકર્ષણોની પણ મુલાકાત લીધી હતી . કેન્દ્રીય સંચાર બ્યુરો દ્વારા આયોજિત 11 વર્ષ સુશાસનના થીમ પરના મલ્ટીમીડિયા એક્ઝિબિશનને પણ ખુલ્લું મૂક્યું હતુ. આ વાઇબ્રન્ટ મહોત્સવ પહેલી ઓક્ટોબર સુધી યોજાશે.

---

# AMIT SHAH VISIT

ગુજરાતના પ્રવાસે આવેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે તેમના સંસદીય વિસ્તાર ગાંધીનગરના વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે. તેઓ આજે સવારે કલોલ ખાતે ઇફ્કોના પરિસરમાં 'એક  પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત ગાંધીનગરમાં વૃક્ષારોપણ કરશે . જ્યારે મહાત્મા મંદિર ખાતે સ્ટાર્ટઅપ કોન્કલેવનું ઉદ્ઘાટન કરશે.

અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા ટ્રંક લાઇન તેમજ ગાંધીનગર લોકસભાના ગટર અને પાણીના પ્રશ્નોની સમીક્ષા બેઠક કરશે.. જ્યારે કલોલના ધારાસભ્ય દ્વારા હરતા ફરતા ભોજનરથનું લોકાર્પણ કરશે.

આ ઉપરાંત તેઓ    કલોલમાં તળાવનું લોકાર્પણ  ,  નગરપાલિકાના વિકાસ કાર્યોનું ખાતમૂહુર્ત તેમજ સરદાર પટેલની પ્રતિમાનું અનાવરણ સહિતના કાર્યક્રમોમાં ભાગ લેશે જ્યારે મોડી રાત્રે તેઓ ગરબા મહોત્સવમાં પણ ઉપસ્થિત રહેશે

---

# NIMUBEN PALITANA

પાલીતાણા ખાતે ગઇકાલે   કેન્દ્રિય મંત્રી નિમુબેન બાંભણીયાના અધ્યક્ષસ્થાને પોષણ ઉત્સવની, ઘટક કક્ષાની ઉજવણી અને સુપોષણ જ્યોત પદયાત્રાનો પ્રારંભ કરાયો હતો.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી નિમુબેને     જણાવ્યું કે , પોષણ માહ હવે કુપોષણ સામેની લડાઈનું જનઆંદોલન બની ગયું છે.     દેશનાં બાળકો અને મહિલાઓને

યોગ્ય પોષણ આપવું એ દેશની પ્રાથમિકતા છે , તેમ જણાવી તેમણે પોષણના મહત્વ અંગે પણ વિસ્તૃત સમજ આપી હતી.

આ વેળાએ આંગણવાડી કાર્યકર તેમજ તેડાગર બહેનોએ બનાવેલી વાનગીઓનું નિદર્શન રાખવામાં આવ્યું હતું. જેમાં વિવિધ પ્રકારની પોષણયુક્ત વાનગીઓ બનાવવામાં આવી હતી.

કાર્યક્રમ બાદ સુપોષણ જ્યોત પદયાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

---

## BANAS DAIRY

બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી પાલનપુર ની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણીમાં ફોર્મ ભરવાના ગઇકાલના અંતિમ દિવસે 16 પૈકી 6 બેઠક બિનહરીફ થઈ છે. વર્તમાન ચેરમેન અને અધ્યક્ષ શંકર ચૌધરી એ રાધનપુર વિભાગમાંથી ઉમેદવારી નોંધાવી બિન હરીફ થયા છે, થરાદ વિભાગમાંથી પૂર્વ સાંસદ પરબતભાઈ પટેલે, પાલનપુર વિભાગમાંથી પૂર્વ કેન્દ્રીય ગૃહ મંત્રી હરિભાઈ ચૌધરીએ ઉમેદવારી નોંધાવી છે,

10 ઓક્ટોબરના રોજ ચૂંટણી યોજાશે.

## બાઈટ – મિહીર પટેલ, બનાસકાંઠા કલેક્ટર

---

# WEATHER

સમગ્ર ઉત્તર ગુજરાત પરથી ચોમાસુ વિદાય લઈ રહ્યું છે. બે દિવસ બાદ ગુજરાતમાંથી ચોમાસુ વિદાય લેશે તેવી હવામાન વિભાગે શક્યતા દર્શાવી છે.

હવામાન વિભાગ દ્વારા આગામી દિવસો માટે રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. આગામી 28 સપ્ટેમ્બર સુધી ક્યાંક ક્યાંક છૂટોછવાયો વરસાદ પડી શકે છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદનું જોર રહેશે.

## બાઇટ : ડૉ,એ કે દાસ, હવામાન વિભાગ વડા

આજે ભારે વરસાદને લઈને કોઈ એલર્ટ નથી. પરંતુ છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. કેટલાક જિલ્લાઓમાં ગાજવીજ અને 30થી 40 કિમીની ઝડપે પવન ફૂંકાશે તેમ હવામાન વિભાગના વડા ડૉક્ટર એ.કે.દાસે જણાવ્યું હતું.

---

# STATE RAIN

રાજ્યમાં વરસાદનું પ્રમાણ ધીમેધીમે ઘટી રહ્યું છે. આજે સવારે છ વાગે પૂરા થતાં ચોવીસ કલાક દરમિયાન રાજ્યના વિવિધ જિલ્લાઓના પચાસ તાલુકાઓમાં વરસાદ વરસ્યો હતો માં સૌથી વધુ વરસાદ ડાંગના આહવામાં સાડા ચાર ઇંચ કરતાં વધુ વરસ્યો હતો રે ભાવનગરના મહુવામાં ત્રણ તેમજ સુરતના પલસાણામાં અઢી ઇંચ કરાતં વધુ વરસાદ ખાબક્યો હતો.

---

## GST PUNAM MADA

જીએસટીના દરમાં ઘટાડો ગઇકાલથી અમલમાં આવતા નાગરિકો માટે બચત ઉત્સવ આવ્યો હોવાનું જામનગરનાં સાંસદ પૂનમ માડમે જણાવ્યું હતું.

રોજબરોજની અનેક જીવન ઉપયોગી ચીજ વસ્તુઓમાં ઘણી બધી વસ્તુઓમાંથી જીએસટી નાબૂદ કરવાનો તેમજ જીએસટીના સ્લેબમાં ઘટાડો કરી અને તેને પાંચ ટકા લઈ જવાનો નિર્ણય સમગ્ર દેશવાસીઓ માટે ખૂબ જ મહત્વપૂર્ણ હોવાનુ સાંસદ પૂનમ માડમે જણાવ્યું હતું.

**બાઈટ પુનમબેન માડમ (સાંસદ)**

---

## AYURVED DAY

આજે રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ છે. આયુષ મંત્રાલય દ્વારા આયુર્વેદના મહત્વ , સર્વાંગી સ્વાસ્થ્ય અને તેની સુસંગતતા વિશે જાગૃતિ લાવવા દર વર્ષે 23 સપ્ટેમ્બરના રોજ 'રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ ' ઉજવવામાં આવે છે. ત્યારે આ વર્ષે રાજ્યમાં અંદાજે 8 હજારથી વધુ આયુર્વેદિક શિબિરો અને સ્વાસ્થ્ય શિબિરોનું આયોજન કરાશે.

પ્રસ્તૃત છે એક અહેવાલ

**(વોઇસ કાસ્ટ : મિતલ પટેલ)**

રાજ્યના આયુષ પ્રભાગ દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન સ્ત્રી અને બાળ રોગ , વયોવૃદ્ધ અવસ્થા સંબંધિત રોગ, જીવનશૈલી સંબંધિત રોગોના કાયમી નિદાન માટે

રાજ્યભરમાં અંદાજે ૮ હજાર કરતાં વધુ આયુર્વેદિક અને સ્વાસ્થ્ય શિબિરોનું આયોજન કરાશે. રાજયમાં "સ્વસ્થ નારી સશક્ત પરિવાર" અભિયાનની સાથે "રાષ્ટ્રીય પોષણ માસ"ની ઉજવણી થઈ રહી છે , જેમાં સગર્ભા મહિલાઓ , ધાત્રી માતાઓ, કિશોરીઓ અને 6 વર્ષની વય સુધીના બાળકોના પોષણ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. વધુમાં, આયુષ પ્રભાગ દ્વારા આયુર્વેદ આહાર અને સુવર્ણ પ્રાશનની કામગીરી પણ કરવામાં આવી રહી છે.

મિતલ પટેલ આકાશવાણી સમાચાર અમદાવાદ

---

## NAVRATRI

રાજ્યભરમાં ઉત્સાહ ઉમંગ અને આરાધના સાથે નવરાત્રી મહોત્સવનો આરંભ થયો છે. ત્યારે શક્તિપીઠ અંબાજી ખાતે ઘટસ્થાપન સાથે નવરાત્રીનો આરંભ થયો હતો. આ દસ દિવસ દરમિયાન ચાંચરચોકમાં રાસગરબાની રમઝટ જામશે. પાવાગઢ યાત્રાધામ ખાતે આસો નવરાત્રિના પ્રથમ નોરતે એકથી દોઢ લાખ જેટલા શ્રદ્ધાળુઓએ માતા મહાકાળીનાં દર્શનનો લાભ લીધો. સ્થાનિક પોલીસ તંત્ર દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવી યાત્રિકોની સુરક્ષા સલામતીની જાળવણી કરાઈ હતી.

ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા સ્થિત પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે સાર્વજનિક નવરાત્રી મહોત્સવનુ આયોજન કરાયું છે. જે અંતર્ગત ગઇકાલે પ્રથમ નોરતે ડાંગ જિલ્લા કલેકટર અને જિલ્લા પોલીસવડા દ્વારા માતાજીની આરતી કરાઈ હતી. કરવામાં આવી હતી.

આ પ્રસંગે ખેલૈયાઓને મહિલા જાગૃતિ, મતદાન જાગૃતિ અભિયાન, બાળકોનુ જાતિય શોષણ અટકાવવા જાગૃતિ, ડાંગ જિલ્લાના પ્રવાસીઓની સલામતી તેમજ નશામુક્તિ, ટ્રાફિક જાગૃતિ, સાઇબર ક્રાઇમ અટકાવવા માટે માહિતી જાણકારી અપાઈ હતી.

દીવ ખાતે ખારવા સમાજ દ્વારા નવરાત્રી નો વિધિવત પ્રારંભ થયો છે , માતાજીની શોભાયાત્રા બાદ માતાજી ની વિધિવત સ્થાપના કરવામા આવી હતી

---

## PALSANA GRAM PANCHAYT AWARD

પલસાણા ગ્રામ પંચાયતે, રાષ્ટ્રીય ઈ-ગવર્નન્સ જ્યુરી એવોર્ડ મેળવ્યો છે.

વિશાખાપટ્ટનમ ખાતે યોજાયેલી ૨૮મી રાષ્ટ્રીય ઈ-ગવર્નન્સ કોન્ફરન્સમાં સુરત જિલ્લાના પલસાણા ગ્રામ પંચાયતને કેન્દ્રીય મંત્રી ડો. જીતેન્દ્ર સિંહના હસ્તે રાષ્ટ્રીય ઈ-ગવર્નન્સ જ્યુરી એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

ડિજિટલ ગવર્નન્સને પ્રોત્સાહન , નાગરિકોને ગુણવત્તાયુક્ત સેવાઓ પ્રદાન અને નવીન પહેલોને કારણે પલસાણા ગ્રામ પંચાયતને આ એવોર્ડ મળ્યો છે. જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલ , નાયબ જિલ્લા વિકાસ અધિકારી પિયુષ પટેલ, સરપંચ પ્રવિણ આહીર તથા તલાટી કમ મંત્રીશ્રી પિનાક મોદીએ વિશાખાપટ્ટનમ ખાતે એવોર્ડ સ્વીકાર્યો હતો.

---